ઇશ્વરનો ડર એ જ્ઞાનનું પ્રથમ ચરણ છે

- બાઇબલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૪૫ | ૨૫ એપ્રિલ ૨૦૧૨, બુધવાર, વૈશાખ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# ચૂંટણી અંગે પંચની કવાયતો પૂરજોશમાં

### જિલ્લા કલેક્ટરે ગુરૂવારે મતદારયાદી અને મતદાન મથકોનાં પુનઃગઠન અંગે પક્ષોના આગેવાનોની બોલાવી બેઠક : જિલ્લામાં ૪૫ નવાં મતદાન મથકો બનશે : ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૦૦ મતદારોએ અને શહેરી વિસ્તારમાં ૧૪૦૦ મતદારોએ મતદાન મથક

ગાંધીનગર, તા. ૨૪

વિધાનસભાની ચૂંટણીઓ અંગે મતદારયાદી અને મતદાન મથકોના પુનઃ ગઠન અંગે જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે ગુરૂવારે રાજકીય પક્ષોના આગેવાનો સાથે એક મહત્વની બેઠકનું આયોજન કર્યું છે.

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓ અંગે ચૂંટણી પંચે હાથ ધરેલી કવાયતોના ભાગરૂપે આ મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ચૂંટણીપંચે મતદાન મથક દીઠ શહેરી વિસ્તારમાં ૧૪૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં સરેરાશ ૧૨૦૦ મતદારોની સંખ્યા નિયત કરેલ છે અને તેને પગલે જિલ્લામાં ૪૫ થી પણ વધુ મતદાન મથકોમાં વધારો થનાર છે.

નવા સીમાંકન મુજબ રાજ્ય વિધાનસભાની પ્રથમ સામાન્ય ચૂંટણી હોવાને કારણે પંચે મતદારયાદીને પણ મહત્વનું સ્થાન આપ્યું છે. મતદારયાદી શુધ્ધ બને તે માટે ખાસ આગ્રહ સેવ્યો છે એટલુ જ નહિ નવા સીમાંકનમાં કોઈપણ વિસ્તારનો મતદાર બાકી ના રહી જાય તે જોવા માટે તાકીદ કરી છે.

તાજેતરમાં ચૂંટણી પંચે મતદારયાદીનો જે મુસદ્દો પ્રસિદ્ધ થયો તેમાં સમગ્ર રાજ્યમાંથી મતદારો કમી થયાની ચોંકાવનારી હકીકતોથી પંચે આ વેળાએ જે મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે તેમાં વિસ્તાર બાકી ના રહે, મતદારોની નોંધણી માટે ચોકસાઈ વધારવા પર પણ વિશેષ ભાર મુક્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાના મત વિસ્તારો વધીને પાંચ થયા છે. ગાંધીનગર ઉત્તર નવો વિસ્તાર બનેલ છે. જિલ્લામાં પંચે આપેલ ગાઈડલાઈન મુજબ ૪૫નો વધારો થઈ રહ્યો છે.

જિલ્લામાં હવે મતદાન મથકોની સંખ્યા વધીને ૧૧૯૨ જેટલી થશે. સૌથી વધુ મતદાન મથકો ગાંધીનગર (ઉ)માં થશે. જો કે નવા મતદાનમથકો સૌથી વધુ ગાંધીનગર(દ)માં ઉમેરાશે. મળતી વિગતો મુજબ ગાંધીનગર(દ)માં ૧૫ જેટલા નવા મતદાન મથકો ઉભા થશે. જ્યારે ગાંધીનગર(ઉ)માં ૧૨ અને દહેગામ કલોલ માણસામાં ૧૦ થી ઓછા મતદાન મથકો વધી રહ્યા છે.

ચૂંટણી પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા આ અંગેની દરખાસ્તો મળી ચુકી છે અને તેની ચકાસણી અંતિમ તબક્કામાં છે. જિલ્લામાં આ વખતો શુધ્ધ મતદારયાદી માટે આગામી

● અનુસંધાન પાન-૭ પર



સ્કૂલ ઑફ ઍચિવર ખાતે સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ રમતોની સાથે કલા વિષયક પદ્ધતિસરની તાલીમ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવી રહી છે. આગામી તા. ૨૮ એપ્રિલ સુધી ચાલનારા આ શિબિરમાં ૩૫૦ જેટલા શિબિરાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. શિબિર અંતર્ગત તબલાંવાદનની તાલીમ લઈ રહેલા શિબિરાર્થીઓ. **(તસવીર : કુંતલ નિમાવત)**

# ગાંધીનગરમાં રાજ્યના સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરાશે

### મહાત્મા મંદિરેથી વિધાનસભા સુધીના માર્ગ પર ભવ્ય માર્ચપાસ્ટ અને કલાયાત્રા યોજાશે : સરકારી કચેરીઓ અને સ્વર્ણિમ પાર્કમાં રોશની કરાશે

ગાંધીનગર, તા. ૨૪

૧લી મે ના રાજ્યના સ્થાપના દિનની ઉજવણી ગાંધીનગરમાં ભવ્યાતિભવ્ય કરવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ દિવસે ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિરથી વિધાનસભા સુધીના સ્વર્ણીમ પાર્ક પર સાંજના સુમારે એક અભ્યાસ માર્ચપાસ્ટનું આયોજન કરવામાં આવનાર છે.

પોલીસ બેન્ડની સુરાવલિઓ સાથે આ માર્ચપાસ્ટ યોજાશે. જો કે અલગ કાર્યક્રમનું આયોજન જિલ્લા પોલીસતંત્ર દ્વારા કરવામાં આવનાર છે. આ માર્ચપાસ્ટમાં પોલીસ, એસ.આર.પી., નાગરિક સંરક્ષણ તેમજ એન.સી.સી.ના જવાનો ઉપરાંત વિવિધ વિભાગોના ટેબ્લો પણ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે યુવા વર્ષની ઉજવણીને ધ્યાને રાખી આ દિવસે વિશેષ કાર્યક્રમો યુવાનો માટે પણ યોજવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આવેલ સરકારી કચેરીઓ તેમજ સ્વર્ણીમ પાર્કને રંગીન રોશનીથી સજાવવામાં આવશે. એટલુ જ નહિ માર્ચપાસ્ટ પૂર્વે એક કલાયાત્રાનું પણ સંકલન કરવા અંગેની વિચારણા ચાલી રહી છે.

મળતી વિગતો મુજબ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા ગુરૂવારે આ અંગેના આયોજનને આખરી ઓપ આપવા બેઠક પણ યોજાનાર છે. શહેરની સ્વૈચ્છીક સંસ્થાઓ, પોલીસ તંત્ર અને શિક્ષણ જગતને સંકલિત કરી આખી ઉજવણીનું અનોખુ આયોજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# મનપાની બેઠક ફાળવણીમાં વસતીના પ્રમાણને ધ્યાને લેવાયું નથી તે દુઃખદ : રાજુભાઈ

### અનુ. જાતિ આયોગે ગાંધીનગર મનપામાં યોજેલી સમીક્ષા બેઠક : બેકલોગની જગ્યાઓ ભરવા તેમજ નવા મહેકમની મંજૂરી માટે સરકારનું ધ્યાન દોરવામાં આવશે; સફાઈ મુકામ કોન્ટ્રેક્ટ પધ્ધતિથી કરાવવા સામે પણ નારાજગી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં હાલની બેઠકો જે છે તેમાં વસ્તીના આધાર પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી થઈ નહિ હોવા અંગે કેન્દ્રના અનુ. જાતિ આયોગના સભ્ય શ્રી રાજુભાઈ પરમારે દુઃખની લાગણી વ્યક્ત કરી અને આ બાબતે સરકારનું ધ્યાન દોરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે આજે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે વસ્તીને આધાર બનાવી સીટોની ફાળવણી કરવામાં આવતી હોય છે. હાલ જે સાત બેઠકો છે તેના બદલે ૮ બેઠકો હોવી જોઈએ તેવી ગંભીર રજુઆત અમને મળતાં અમે રાજય સરકારનું ધ્યાન દોરવાનો નિર્ણય કર્યો છે.

તેમણે જણાવ્યું હતું કે મહાનગરપાલિકાને સંપૂર્ણ સ્વાયત્ત બનાવવામાં આવ્યું નથી તેમજ મહેકમની મંજૂરી પણ હજુ અપાઈ નથી જે દુઃખદ છે. તેમણે કહ્યું કે હાલના લેટ-અપમાં પણ બેકલોગ છે. જે દૂર કરવા માટે સરકારને જણાવવામાં આવશે સાથે સાથે સરકારને નવી જગ્યાઓ મંજૂર કરવા અને ભરતી માટે કમિશનરશ્રીને સત્તા આપવા પણ ભલામણ કરવામાં આવશે.

રાજયના પાટનગરમાં પણ સફાઈનું કામ કોન્ટ્રેક્ટ દ્વારા કરાવવાના અભિગમ અંગે નારાજગી વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે આ વલણ બરાબર નથી અમે સરકારનું આ બાબતે અગાઉ પણ ધ્યાન દોર્યું જ છે. તેમણે ગાંધીનગર મનપાના પાર્ટ ટાઈમ સફાઈ કામદારોને પૂર્ણ કાલીન કર્મચારી બનાવવાની હિમાયત કરી હતી તેમજ કાયમી કર્મચારીઓને આરોગ્ય અને અન્ય સુવિધાઓ તેમજ કલ્યાણ યોજનાઓના લાભો મળે તે જોવા કમિશનરશ્રીને જાણ કરી તાત્કાલિક ઘટતી કાર્યવાહી કરવા સૂચવ્યું હતું.

ગાંધીનગરમાં વાલ્મીકી સમાજને પણ તેના ભવનના નિર્માણ માટે જગ્યા સરકારે ફાળવવી જોઈએ તેવી રજુઆત મળી હોવાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્ર તેમજ જીઆઈડીસીની વસાહતોમાં પણ પ્લોટ ફાળવણી થાય તે અંગે રજુઆતો મળી છે.

# રાજ્યભરમાં ગરમીમાં નજીવો વધારો

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદ સહીત રાજ્યમાં આજે ગરમીના પ્રમાણમાં થોડો વધારો જોવા મળ્યો હતો. બપોરે ગરમ પવન ફુંકાયો હતો. રાજ્યમાં સૌથી વધારે ગરમી સુરેન્દ્રનગરમાં ૩૮.૫ ડીગ્રી નોંધાઈ હતી. ગરમીમાં ઉતારચઢાવની સ્થિતિ હાલમાં જોવા મળી રહી છે. જેની સીધી અસર લોકોના આરોગ્ય પર પણ થઈ રહી છે. ઘણા રોગના કેસ પણ સપાટી પર આવ્યા છે જેમાં મલેરિયા, ઝાડા-ઉલ્ટી, પાલ્સિપેરમ, ટાઈફોઈડ અને કમળાના કેસોનો સમાવેશ થાય છે.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૭.૪ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૦ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૯ ટકા નોંધાયુ હતું. અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીમાં ઘટાડો નોંધાતા નાગરીકોએ રાહત અનુભવી હતી. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરમાં ૩૭.૬ ડીગ્રી, સુરતમાં ૩૫.૮, રાજકોટમાં ૩૭.૫, ભુજમાં ૩૮.૦, પોરબંદરમાં ૩૨.૪, નલીયા ૩૩.૩, ભાવનગર ૩૫.૭, ડિસા ૩૭.૦, અમરેલી ૩૮.૪, વલ્લભ વિદ્યાનગર ૩૭.૬, ગાંધીનગર ૩૭.૦, વલસાડ ૩૩.૯ ડિગ્રી નોંધાયું હતું.





Bima Bemisaal




## આઈઆરડીએ વીમાનું વેચાણ નથી કરતી !

**જનતાને આ દ્વારા નીચેની બાબતોએ સાવચેત કરવામાં આવે છેઃ**

- ઈન્શ્યૉરન્સ રેગ્યૂલેટરી ઍન્ડ ડેવલપમેંટ ઑથોરિટી (આઈઆરડીએ) ના કર્મચારી હોવાનો દાવો કરતી કેટલીક વ્યક્તિઓ તરફથી વીમા પૉલિસીઓના વેચાણ સંબંધિત અથવા લાભો આપતા ટેલીફોન કૉલ્સ કરવામાં આવે છે.
- આઈઆરડીએ કોઈ જ વીમા ઉત્પાદનોનું વેચાણ અથવા પ્રચાર નથી કરતી અથવા કોઈ લાભો પણ આપતી નથી.
- જો કોઈ વ્યક્તિ વીમા ઉત્પાદનોના વેચાણ અથવા કોઈ લાભો ઑફર કરવા બાબતે આઈઆરડીએના કર્મચારી હોવાનો દાવો કરી તમારો સંપર્ક કરે તો કૃપા કરી આની સૂચના તરત જ નજીકના પોલીસ સ્ટેશનમાં આપો.
- આઈઆરડીએ સામાન્ય જનતા તેમ જ વીમા પૉલિસીધારકોના હિતોના રક્ષણ માટે વીમા કંપનીઓની પ્રવૃત્તિઓનું નિયમન કરે છે.

જનહિતમાં જારી

વીમા નિયમન અને વિકાસ પ્રાધિકરણ

INSURANCE REGULATORY AND DEVELOPMENT AUTHORITY

वीमा संवर्धन. वीमा ग्राहक संरक्षण.

જો વીમા કંપની દ્વારા તમારી ફરિયાદનું નિવારણ ન કરવામાં આવે તો તમે આઈઆરડીએ કૉલ સેન્ટરને **155255** પર કૉલ કરી શકો છો અથવા **www.igms.irda.gov.in** પર લૉગ ઑન કરો.